

રાજ્યના સૌ પ્રથમ આઈ.એસ.ઓ. પ્રમાણિત એસ.ટી. ડેપોમાં વિદ્યાર્થીઓને હાલાકી

પાસ કઢાવવા આવનાર વિદ્યાર્થીઓને બે-બે દિવસ ધરમ ધક્કા ખાવા પડે છે : ચાર કાઉન્ટર છતા પણ ફક્ત બે પર જ કામગીરી : અન્ય બે શોભાના ગાંઠીયા સમાન

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં સૌ પ્રથમ આઈ.એસ.ઓ. ૯૦૦૧ પ્રમાણિત અને મોડલ એસ.ટી. ડેપોમાં વિદ્યાર્થીઓને પાસ કઢાવવા માટે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ચાર કાઉન્ટર હોવા છતાંય વિદ્યાર્થીઓ બે-બે દિવસ ધક્કા ખાય ત્યારે પાસ નિકળતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

ગાંધીનગર રાજ્યનું પાટનગર છે અને પાટનગરમાં આવેલું એસ.ટી. ડેપો આઈ.એસ.ઓ. ૯૦૦૧ પ્રમાણિત બસ સ્ટેન્ડ છે. પરંતુ પ્રમાણિત બસ સ્ટેન્ડ ફક્ત પ્રમાણપત્ર પુરતુ હોય તેવું દેખાઈ રહ્યું છે. બસ સ્ટેન્ડ પર વિદ્યાર્થીઓ માટે ચાર પાસ કાઉન્ટર ખોલવામાં આવ્યા છે. છતાં પણ લાંબી-લાંબી કતારો જોવા મળે છે. વિદ્યાર્થીઓની એવી ફરિયાદ છે કે ચાર કાઉન્ટરમાંથી એક કાઉન્ટર ઉપર ફક્ત એક મહિનાનો પાસ રીન્યુ કરવામાં આવે છે. જ્યારે અન્ય એક કાઉન્ટર ઉપર ત્રણ મહિનાનો પાસ કઢાવવો, નવુ ફોર્મ મેળવવુ તેમજ પાસ રીન્યુ કરાવવા સહિતની કામગીરી થાય છે. તેના કારણે વિદ્યાર્થીઓને પારાવાર હાલાકી ભોગવવી પડી રહી છે.

વિદ્યાર્થીઓને પાસ કઢાવવા માટે એક કલાકની જગ્યાએ બે-બે દિવસ ધક્કા ખાવા પડે છે. તેમજ એક પાસ કાઢવામાં કર્મચારી ૧૫ થી ૨૦ મિનિટ જેટલો સમય લગાવે છે. જેના કારણે વિદ્યાર્થીઓને પગના તળીયે લોહી પહોંચી જાય છે. પાસ કાઉન્ટરનો સમય ૧૦.૦૦ થી ૧.૦૦ અને ૧.૩૦ થી ૪.૦૦ રાખવામાં આવ્યો છે. તેમાં પણ વધારો કરવો જોઈએ તેવું વિદ્યાર્થીઓ ઈચ્છી રહ્યા છે.

વિદ્યાર્થીઓએ વધુમાં જણાવ્યું છે કે, શોભાના ગાંઠીયા સમાન જો ચારે પાસ કાઉન્ટર શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓનએ લાંબી લાઈનમાં ઉભો રહેવાનો વારો ન આવે. શિક્ષણ સુધારાની વાતો કરતી સરકારે પણ ધ્યાન આપવુ રહ્યું કે વિદ્યાર્થીઓનું શિક્ષણ પાસ કાઉન્ટર પર જ પુરૂ ન થઈ જાય.

સે-૨૧ પોલીસ સ્ટેશન સામે

ઈનોવા ચાલકનો મોબાઈલ ચાલુ બાઈકે ઝુંટવીને લુંટારૂ રફ્ફુચક્કર...!

લુંટારૂના બાઈકનો ઈનોવા ચાલકે પીછો કર્યો એટલે તેણે સે-૧૯ સર્કલ નજીક એક પર્સ ફેંકી ઈનોવાચાલકને ભ્રમિત કરી નાંખ્યો

ગાંધીનગર, તા.૪

શહેરના ૫ નંબરના માર્ગ પર સે-૨૧ પોલીસ સ્ટેશન સામે જ લુંટનો એક વિચિત્ર કિસ્સો બનવા પામ્યો છે. એક ઈનોવા ચાલક મોબાઈલ ફોન પર વાત કરતા કરતા કાર ચલાવી રહ્યો હતો. ત્યાં પાછળથી એક બાઈક ચાલક તેની પાસે આવ્યો અને ચાલુ વાહને મોબાઈલની લુંટ ચલાવી રફ્ફુચક્કર થઈ ગયો હતો. ઈનોવા ચાલકે તેનો પીછો પણ કર્યો પરંતુ સે-૧૯ સર્કલ પાસે એક પર્સ ફેંકીને લુંટારૂએ ઈનોવા ચાલકને ભ્રમિત કરી ઉભો કરી દીધો અને પોતે ફરાર થઈ ગયો હતો. ઈનોવા ચાલક લુંટારૂએ ફેંકેલું પર્સ અને તેમાંથી મળેલું લાયસન્સ લઈને સીધો સે-૨૧ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આજે બપોરના અરસામાં આ લુંટની ઘટના બનવા પામી હતી. ચ-૫ થી છ-૫ જતા માર્ગ પર સેકટર-૨૧ પોલીસ સ્ટેશનની સામે જ બનેલી આ ઘટનામાં એક રાજસ્થાન પાસીંગની ઈનોવા કારના ચાલક તેના મોબાઈલ પર ચાલુ કારે વાત કરતા કરતા જઈ રહ્યા હતા ત્યારે બાઈક પર પાછળથી આવેલા લુંટારું શખ્સે ચાલુ વાહને જ ઈનોવા ચાલકનો મોબાઈલ ઝુંટવી લીધો હતો.

મોબાઈલ ઝુંટવીને ભાગેલા બાઈક ચાલક લુંટારૂને પકડવા ઈનોવા ચાલકે કારથી તેનો પીછો કર્યો પરંતુ આગળ જઈને બાઈક ચાલક લુંટારૂએ સે-૧૯ સર્કલ નજીક એક પર્સ ફેંકતા ઈનોવા ચાલકનું ધ્યાન તે પર્સ પર ગયું અને કાર ઉભી કરી દઈ તેણે શું ફેંકયુ તે જાણવા તે ભ્રમિત થઈ ગયા હતા. પર્સમાં એક લાયસન્સ તથા અન્ય ડોકયુમેન્ટસ હતાં. ઈનોવા ચાલકે આ પર્સ ચેક કર્યું ત્યાં સુધીમાં લુંટારૂ ગાયબ થઈ ગયો હતો. ઈનોવા ચાલક લાયસન્સ તથા પર્સ કે જે લુંટારૂએ ફેંકયું હતું તે લઈને સે-૨૧ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. લાયસન્સ અને પર્સ પણ ચોરીનું હોવાની શંકા છે પરંતુ પોલીસે તે કોનું છે તે જાણવાની દિશામાં તપાસ આગળ ધપાવી છે.

ચોરી થયેલી કાર ક્ષતિયુક્ત હોવાથી પરત પણ મળી ગઈ

ડભોડામાંથી ચોરાયેલી કાર બે દિવસ બાદ નરોડા હાઈવે પર પડી હતી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર નજીક ડભોડા વિસ્તારમાં એક અઠવાડીયામાં બે કાર ચોરીના બનાવો બન્યા છે. આ બંને ચોરાયેલી કારના કિસ્સામાં કાર માલીકને અન્ય સ્થળેથી બિનવારસી હાલતમાં પડેલી પોતાની કાર મળી આવ્યાના દાખલા બન્યા છે. શનિવારે રાત્રે ડભોડામાંથી ચોરાયેલી ફંટી ગાડી નરોડા હાઈવે પરથી બે દિવસ બાદ મળી આવી હતી. ગેસ પૂર્ણ થઈ ગયા બાદ કાર મુકીને ચોરોએ ચાલતા જવુ પડ્યું હતું કેમ કે ક્ષતિયુક્ત આ કાર પેટ્રોલથી ચાલુ જ થતી ન હતી..!

મળતી વિગતો મુજબ ડભોડા ગામમાં સ્થિત ડભોડીયા હનુમાન મંદિર સામે આવેલા ગજજર વાસામાં રહેતા મહેશભાઈ ચંદુભાઈ ગજજરની મારૂતી ફંટી કાર શનિવારે રાત્રે ઘર આંગણેથી ચોરી થઈ ગઈ હતી. પોલીસ મથકમાં જાણવા જોગ પણ નોંધાવી, દરમ્યાન બે દિવસ બાદ સોમવારે તેમની ગાડી દહેગામ-નરોડા હાઈવે પર આવેલી જીઈબી ઓફીસની સામેથી બિનવારસી હાલતમાં મળી આવી હતી. તપાસ કરી તો ગાડીમાં ગેસ ખાલી થઈ ગયો હતો. ગાડીમાં ક્ષતિ હતી કે પેટ્રોલથી આ કાર ચાલુ થતી ન હતી. જેને કારણે આ ચોરી થઈ ગયેલી કાર ગેસ પુરો થઈ જતાં હલી શકે તેમ પણ ન હતી એટલે ચોરોએ કાર ત્યાં જ પડતી મુકીને ચાલ્યા જવુ પડ્યું હતું. ક્ષતિયુક્ત કાર હોવાથી ચોરાયેલી કાર માલીકને પરત મળી ગઈ હતી.

ગૃહ વિભાગમાં ૧૯૭૫ થી ૧૯૮૦ના સમયગાળા દરમિયાન ફરજ બજાવતા 'ટી' કંપનીના નિવૃત્ત કર્મચારીઓ દ્વારા એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસ દરમિયાન જૂના સંસ્મરણોને વાગોળવામાં આવ્યા હતા. પ્રવાસમાં ડી.એફ. શાહ, કનુભાઈ વોરા, જે.બી. શાહ, મહેન્દ્રભાઈ પટેલ, એ.એમ. ગોસ્વામી સહિત પરિવારજનો જોડાયા હતા.

પ્રજાપતિ સમાજે આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર, તા. ૪

ખાખરિયા છાસઠ પ્રજાપતિ સેવા સમાજનો ૨૦મો સમૂહ લગ્નોત્સવ ગત ૧લી ફેબ્રુઆરીના રોજ કુડાસણ ખાતે યોજવામાં આવ્યો હતો. સમૂહ લગ્નોત્સવમાં ૨૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. ત્યારે સમૂહ લગ્નોત્સવને સફળ બનાવવામાં સમાજના જ્ઞાતિબંધુઓ, દાતાઓ, સ્વયંસેવક ભાઈઓ-બહેનો, નગરના દૈનિક પત્રોએ જે યોગદાન આપ્યુ છે તેમનો સમાજ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

માહિતી ખાતાના પૂર્વ જોઈન્ટ ડાયરેકટર ચંદ્રકાન્ત ભટ્ટનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા.૪

માહિતી ખાતાના પૂર્વ જોઈન્ટ ડાયરેકટર ચંદ્રકાન્ત પી. ભટ્ટનું તા. ૩ ફેબ્રુઆરી મંગળવારના રોજ સાંજે ૪.૩૦ વાગે લાંબી માંદગી બાદ દુઃખદ

અવસાન થવા પામ્યું છે. ચંદ્રકાન્તભાઈ ૮૬ વર્ષના હતા.

સ્વર્ગસ્થ ચંદ્રકાન્તભાઈ ભટ્ટની માહિતી ખાતામાં કર્તવ્યનિષ્ઠ અધિકારી તરીકે ગણના થતી હતી. અને તેમના માયાળુ સ્વભાવના કારણે જાણીતા હતા. તેઓ ૧૯૮૮માં સેવા નિવૃત્ત થયા હતા. ચંદ્રકાન્તભાઈ પરિવારમાં ત્રણ પુત્રીઓ, ચારૂબેન, ભાવનાબેન અને જાગૃતિબેનને વિલાપ કરતા છોડી ગયા છે.

મોરબીની નાલંદા શૈક્ષણિક સંસ્થામાં ડૉ. પ્રશાંત મેરજા એવોર્ડ એનાયત

દર વર્ષે ધોરણ-૧૦-૧૨ વિજ્ઞાન પ્રવાહના પ્રથમ વિદ્યાર્થીને એવોર્ડ એનાયત કરવામાં આવે છે

ગાંધીનગર, તા.૪

નગરના પનોતા પુત્ર અને યુવાન વયે અકાળે અવસાન પામનાર ડૉ. પ્રશાંત મેરજાની સમૃતિમાં મોરબી નાલંદા શૈક્ષણિક સંસ્થામાં ડૉ. પ્રશાંત મેરજા ખેલરત્ન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ડૉ. પ્રશાંત મેરજા એવોર્ડ દર વર્ષે ધોરણ-૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં મોરબી નાલંદા સંસ્થામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવે છે ત્યારે ચાલુ વર્ષે સંસ્થાના વિદ્યાર્થીઓને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

તેમજ સંસ્થામાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી જેમાં બેડમિન્ટન, ફુટબોલ, હોકી, સહિતની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે આર.એફ.ઓ. અંબાણી, સ્પોર્ટસ કોચ જયંતિલાલ વડાવીયા, બાલકૃષ્ણ દ્વિવેદી, પ્રિન્સિપાલ ચેતન દલસાણીયા, ટ્રસ્ટી બી.એ. ગામી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

નવી ૧૯ માધ્યમિક શાળા શરૂ કરવા બોર્ડની બહાલી

ગાંધીનગર, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજયમાં નવી ૧૯ માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જયારે માધ્યમિક શાળાઓ શરૂ કરવાની અન્ય ૪૧ અરજીઓને ફગાવી દેવામાં આવી છે. મંજૂરી કરાયેલ નથી. માધ્યમિક શાળાઓમાં આગામી શૈક્ષણીક સત્રથી પ્રવેશ મેળવી શકાશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષમ બોર્ડ દ્વારા આગામી શૈક્ષણીક સત્રથી રાજયમાં નવી શાળાઓ શરૂ કરવાની અરજીઓ અંગે કાર્યવાહી શરૂ કરાવામાં આવી છે જે અંતર્ગત આજે રાજયમાં નવી ૧૯ માધ્યમિક શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવી છે. જે માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. તેમાં ગુજરાતી માધ્યમની ૧૬ અને અંગ્રેજી માધ્યમની ત્રણ શાળાઓનો સમાવેશ થાય છે જે માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. તેમાં ભાવનગર જિલ્લાની ચાર, આરવલ્લી જિલ્લાની ચાર, આણંદ જિલ્લાની ત્રણ અમદાવાદ અને ભરૂચ જિલ્લાની બે-બે અને અમરેલી, બનાસંકાઠા, બોટાદ અને જામનગર જિલ્લની એક-એક શાળાનો સમાવેશ થાય છે. જ્યારે શિક્ષણ બોરૂ્ડ દ્વારા માધ્યમિક શાળાઓ શરૂ કરવાની ૪૧ અરજીઓ નામંજુર કરવામાં આવી છે. જેમાં અમદાવાદ જિલ્લાની ૧૭, ગીર-સોમનાથ અને જામનગર જિલ્લાની ચાર-ચાર ગાંધીનગર જિલ્લાની ત્રણ, બનાસકાઠા અને ભરૂચ જિલ્લાની બે-બે અને અમરેલી, આણંદ, અરવલ્લી, છોટા ઉદેપુર તેમજ દેવભુમિ દ્વારકા જિલ્લની એક-એક માધ્યમિક શાળા શરૂ કરવાની અરજીનો સમાવેશ થાય છે. નવી મંજૂરી કરાયેલ શાળા આગમી શૈક્ષણિક સત્રથી પ્રવેશ મેળવી શકાશે.

ફેબ્રુઆરીમાં દરેક વાર ચાર વખત આવવાનો સંજોગ ફરીથી ૨૦૧૭માં

અગાઉ વર્ષ ૨૦૧૦માં હતુ અને વર્ષ ૨૦૧૭માં પણ આવશે, ૮૨૩ વર્ષના સંજોગની ફક્ત અફવા

ગાંધીનગર, તા. ૪

વર્ષ બદલાતાં જ વાર, તિથિ અને તહેવારોની તારીખોમાં ફેરફાર થતાં હોય છે. પરંતુ વર્ષ ૨૦૧૫માં ફેબ્રુઆરી માસમાં દરેક વાર ચાર વખત આવ્યા છે. જેને સૌ કોઈ કુતુહલતાથી નિહાળી અને માની રહ્યા છે. વર્ષ ૨૦૧૦માં પણ દરેક વાર ફેબ્રુઆરી માસમાં ચાર વખત હતાં જ. આમ કેલેન્ડરનો જુનો અને નવો ઈતિહાસ ફંફોસતા આવું નક્કી વર્ષો પછી બનતું જ આવ્યુ છે. જેથી ૮૨૩ વર્ષ પહેલા અને પછી આવા સંજોગ બન્યા અને બનશે તે હકીકત સત્યથી વેગળી હોવાનું કેલેન્ડરને પૂરતા નિરીક્ષણ કર્યા પછી ઉભુ થવા પામ્યુ છે.

અંગ્રેજી માસ અને વર્ષના કેલેન્ડરમાં જુના અને નવા વર્ષની યોગ્ય ચકાસણી દરમ્યાન જાણવા મળ્યું છે કે ફેબ્રુઆરી ૨૦૧૫માં દરેક વાર ચાર વખત આવતા હોવાનો સંજોગ તબક્કાવાર બનતો આવ્યો છે. જેમાં ૨૦૧૦માં સોમવારથી મહિનો શરૂ થઈને રવિવારે પૂરો થાય છે. અને દરેક વાર પણ ચાર વખત આવે જ છે. તેમજ વર્ષ ૨૦૧૭, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૧, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૫, ૨૦૨૬, ૨૦૨૭ માં દરેક વાર ચાર વખત આવે જ છે.

અગ્રે ઉલ્લેખનીય છએ કે વર્ષમાં ફેબ્રુઆરી માસની શરૂઆત જુદા જુદા વારથી થાય છે અને જુદા વારે મહિનો પૂરો થાય છે જ્યારે ૨૦૧૫માં રવિવારે શરૂ થતો મહિનો શનિવારે પૂરો થાય છે. આમ કેલેન્ડર જોતા ફેબ્રુઆરી ૨૦૧૫માં કોઈ જ ખાસ વિશેષતા નથી કે ૮૨૩ વર્ષના સંજોગ જેવી બાબત નથી. આ અંગે વિસ્તૃત તપાસ મોબાઈલમાં કેલેન્ડરને તપાસ કરતાં પણ જાણવા મળી શકે છે. લીપવર્ષમાં ફેબ્રુઆરી માસ ૨૯ દિવસ હોવાથી ગમે તે એક વાર વઘી જતાં આ સંજોગ બનતો નથી.

હાલમાં ચાલી રહેલી અફવા મુજબ ચાર વખત વાર ફેબ્રુઆરીમાં ૮૨૩ વર્ષ પહેલા સંજોગ બન્યો હતો અને હવે પછી પણ ૮૨૩ વર્ષ પછી બનશે તે હકીકત તદ્દન સત્યથી વેગળી છે અને તેની સત્ય હકીકત જાણવા જુના કેલેન્ડર તપાસવા અથવા પોતાના મોબાઈલમાં કેલેન્ડરને પણ ચકાસવા જાણકારો જણાવી રહ્યા છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯

સૂર્યાસ્ત : ૬.૩૦

તાપમાન

મહત્તમ : ૨૮.૩ ડિ.સે.

લઘુત્તમ : ૧૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૨૬ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ખામોસીયાં : ૧૧.૩૦, ૨.૦૦, ૪.૩૦, ૭.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ :

બેબી : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

હવાઈજાદા : ૧૧.૦૦, ૧.૩૦, ૭.૦૦, ૧૦.૦૦

આઈ : ૪.૦૦

સિનેમેક્સ,

: સ્ક્રીન-૧ :

ઉડી સેવન્થ સન (હિન્દી) : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૪૦, ૮.૦૫, ૧૦.૩૦

બેબી : ૨.૨૫

: સ્ક્રીન-૨ :

બેબી : ૯.૦૦, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ :

ખામોસીયાં : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

સ્ક્રીન-૪ :

હવાઈજાદા : ૯.૦૫, ૧૨.૨૦, ૩.૩૫, ૬.૫૦, ૧૦.૦૫

આપની આજ

મેષ : આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે.

વૃષભ : વિવાદોથી બચવું. વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

મિથુન : ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

કર્ક : ભૌતિક સુધ પ્રાપ્ત થશે. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. વિદ્યાર્થીઓને ભણવામાં મન લાગશે.

સિંહ : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

કન્યા : વિશેષ લેવડ- દેવડથી બચવું. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

તુલા : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

મકર : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

કુંભ : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદૃઢ બનશે.

મીન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. બળદેવજી શિવાજી ઠાકોર (ઉ.વ.૪૫) મુ. પ્રાંતિયા, તા.જી. ગાંધીનગર
- સ્વ. જયંતિભાઈ વિઠ્ઠલભાઈ ગજજર (ઉ.વ.૭૫) એમ-૨૧/૨૪૪, સેક્ટર-૧૪, હાઉસિંગ બોર્ડ, ગાંધીનગર
- સ્વ. કૃષ્ણકાન્તભાઈ જોઈતારામ પટેલ (ઉ.વ.૫૩) પ્લોટ નં. ૧૩૭/૨, સેકટર-૪એ, ગાંધીનગર
- સ્વ.ઊર્મિલાબેન અમૃતભાઈ દરજી (ઉ.વ.૬૦) મુ.વડોદરા, તા.જી. ગાંધીનગર